ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 9th March, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

.....................................................................,

ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

**"વિજ્ઞાન અને ટેક્નોલીજી દ્વારા સમાજ અને દેશના વિકાસમાં સ્ત્રીઓનું યોગદાન"**

વિષય પર **"આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ"** ઉજવણી.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાન વિષયને સમાજ ઉપયોગી બનાવવાના ૧૫ વર્ષથી અનેકવિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાન જાગૃતતા અને સ્ત્રી કેળવણીને પ્રોત્સાહન આપવા હેતુ સહ **"આંતરરાષ્ટ્રીય મહિલ દિવસ"** તા. ૦૮ માર્ચ, ૨૦૧૭ને બુધવારના રોજ જે. જે. મહેતા ગર્લ્સ હાઇસ્કુલ, સિહોર ખાતે "વિજ્ઞાન અને ટેક્નોલીજી દ્વારા સમાજ અને દેશના વિકાસમાં સ્ત્રીઓનું યોગદાન" વિષય પર સેમીનારનું આયોજન કરવામાં આવેલ.

આ સેમિનારમાં શ્રી હર્ષદભાઈ જોષી (કોર્ડીનેટર, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર) દ્વારા "વિજ્ઞાન અને ટેક્નોલીજી દ્વારા સમાજ અને દેશના વિકાસમાં સ્ત્રીઓનું યોગદાન" વિષય પર પ્રેજનટેશન દ્વારા વિવિધ ક્ષેત્રોમાં સર્વોત્ચ સ્થાન ધરાવતી મહિલાઓ વિષે તેમના સંઘર્ષથી સફળતા સુધીની પ્રેરણાત્મક સંઘર્ષગાથા વિષે માહિતી આપી હતી. ઉપરાંત મુખ્ય વક્તા શ્રી નીકેતાબેન આચાર્ય (વિજ્ઞાન શિક્ષક, ન. ચ. ગાંધી કુમારી વિદ્યામંદિર, ભાવનગર)એ 'સ્ત્રી અને સમાજ' વિષય પર પોતાનું વક્તવ્ય આપતા વિશેષ જણાવ્યું હતું કે દરેક સ્ત્રીએ પોતાની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓનો પરિચય મેળવી પોતાના ભવિષ્યને ઉજ્વળ બનાવવા સમાજ સાથે સંઘર્ષ કરી પ્રગતિ કરવી જોઈએ. અંતમાં સુંદર કવિતા દ્વારા નારીમાં રહેલ ગુણોનું વર્ણન કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત કાર્યક્રમનો કુલ મળીને ૩૭૬ વિદ્યાર્થીનીઓ અને શિક્ષકોએ લાભ લીધેલ. કાર્યક્રમ દરમ્યાન શાળાના આચાર્યશ્રી તેમજ સમગ્ર સ્ટાફનો પ્રશંસનીય સહકાર મળેલ. ઉપરોક્ત વિગતો લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેનશ્રીની યાદી મુજબ જણાવેલ.

(હર્ષદ જોષી) ૯.૩.૧૭

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.